**મહે. કપડવંજના એડીશનલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. કપડવંજ**

ફોજદારી કેસ નં.૧૬૩૯/૨૦૨૨
આંકઃ

શ્રી સરકાર, :: ફરીયાદી

વિ રૂ ધ્ધ

ભીખાભાઈ બાલાભાઈ પરમાર :: આરોપી
રહે.જુનાવાસીયાની મુવાડી, તાબે પુનાદરા
તા.કપડવંજ,જી.ખેડા

ગુન્હોઃ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબ

**૧.** આરોપીને સમન્સ કરતા તેઓ કોર્ટ રુબરુ હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાતરી કરી આરોપી વિરુધ્ધ પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરવા માગતા હોવાની હકીકત જણાવેલી છે.

**૨.** અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઈઓ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓને ગુના બદલ પસ્તાવો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના છે અને તેઓ છુટક મજુરી કામ કરે છે તેઓના કુંટુંબમાં તેઓ એક જ કમાનાર સભ્ય છે. અને તેઓના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેઓ ઉપર રહેલી છે. આરોપી ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરશે નહી તેવી ખાત્રી આપે છે અને જેથી તેઓની સામાજીક તથા આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખી તેમના ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

**૩.** ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આરોપી વગર પાસ પરમીટના દારુનો નશો કરી જાહેર સ્થળ પરથી લથડીયા ખાતો પકડાયેલ છે જેથી આરોપી વિરુદ્ધ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ–૮૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૪.** સદરહું કામે પોલીસ ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામુ, સાહેદોના નિવેદનો, મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ લોહીના નમુનાનું પ્રમાણપત્ર ધ્યાને લેતાં આરોપીએ કરેલ ગુનો પ્રથમ દર્શનીય રીતે કલમ–૬૬(૧) (બી) હેઠળનો ગુનો કરવાનું જણાય આવે છે. સદરુહુ કામે રજુ ચાર્જશીટ, પોલીસ પેપર્સ, પંચોના નિવેદનને સત્ય માનવામાં આવે તો પણ આરોપી સામે કલમ–૮૫ ના આવશ્યક તત્વો

ફલીત નથી તેવો અત્રેની અદાલતનો અભિપ્રાય  થાય છે, જેથી કોર્ટ ધ્વારા આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૮૫ મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જણાય આવતો ન હોય આરોપી વિરુધ્ધ કલમ–૮૫(૧) ને બદલે પ્રોહી કલમ–૬૬(૧)(બી) મુજબ આગળની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.** આરોપી વિરુધ્ધ ગુનાના આક્ષેપ જોતાં તથા આરોપી ધ્વારા રજુ કરવામાં આવેલ ગુના કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તેમજ આરોપીનું કોર્ટ રુબરુ નિરીક્ષણ કરતા આરોપી આર્થિક તથા સામાજિક રીતે ગરીબ વર્ગના હોવાનું જણાય આવે છે. તેમજ  આરોપી ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાતરી આપે છે. આરોપીએ જાહેર કરેલ પસ્તાવો તથા આરોપીની વર્તણુંક તથા સામાજીક જવાબદારી વિગેરે ધ્યાને લેતાં આરોપી ઉપર રહેમ રાહ  રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરુ કરી શકે અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે તે સંજોગોમાં આરોપીની કબુલાત પુરસીસ તથા આરોપીના સામાજિક સંજોગો ધ્યાને લેતાં કાયદાએ સુચવેલ નિમ્નતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને પ્રબળ કારણો જણાય છે જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેવું હું નમ્રપણે માનું છું. આરોપીની સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરીહુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપી ભીખાભાઈ બાલાભાઈ પરમાર, રહે.જુનાવાસીયાની મુવાડી, તાબે પુનાદરા, તા.કપડવંજ,જી.ખેડાનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ–૨૫૨ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા  રુ.૧૦૦/–(અંકે રુપીયા સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં યોજાયેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર  કર્યો.

કપડવંજ<br>
તા.૦૯.૦૯.૨૦૨૩

વી.એલ.પરદેશી<br>
એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ,કપડવંજ<br>
(GJ01013)